**રે.દી.મુ.નં.૩૦૪/૨૦૦૭ ના કામે આંક–૧ નીચે હુકમ.**

રેકર્ડ વંચાણે લેતાં, આ કામના વાદીએ પ્રતિવાદીઓ સામે મનાઇ હુકમ તથા વિજ્ઞાપન અર્થેનો હાલનો આ દાવો તા.૧૮/૧૨/૨૦૦૭ ના રોજ કરેલ છે. આ દાવામાં આંકઃ ૬૦ થી તા.૧૪/૦૩/૨૦૧૨ ના રોજ મુદ્દા મુકરર કરવામાં આવેલ છે. ત્યારથી અત્યાર સુધી વાદી તરફથી પુરાવો રજુ થયેલ નથી. આ કામે  વાદીને પુરાવો રજુ કરવા માંગ્યા મુજબ સમય આપવા છતાં વાદી તરફે વિ.વકીલશ્રી મારફતે વાદીને હાજર રહી પુરાવો રજુ કરવા સારૂ ફકત મુદત અરજીઓ રજુ કરી મુદતો મેળવી એકમાત્ર સમય પસાર કરેલ છે પરંતુ વાદીએ હાજર રહી પુરાવો રજુ કરેલ નથી. આજરોજ  વાદીને વારંવાર પોકાર કરવા છતાં વાદી કે તેઓના વિ.વકીલશ્રી હાજર નથી કે કોઇ મુદત રિપોર્ટ નથી. આમ પુરતી તકો આપવા છતાં વાદીશ્રી હાજર રહેતા ન હોઇ કે પુરાવો રજુ કરતા ન હોય વાદીને આ દાવો ચલાવવામાં કોઇ રસ ન હોવાનું જણાય છે. તે હકીકતે સી.પી.સી.ઓર્ડર–૯, રૂલ–૩ મુજબ વાદીની ગેર હાજરીના કારણે તથા પુરાવાના અભાવે  વાદીનો દાવો ડિસમીસ ફોર ડિફોલ્ટ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજરોજ તા.૨૧મી,માહે ડીસેમ્બર, સને–૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૨૧/૧૨/૨૦૧૮.<br>
મું.વાંકાનેર.

(મહેશકુમાર ચીમનલાલ પટેલ)<br>
એડિશનલ સીવીલ જજ,<br>
વાંકાનેર.

[GJ01199]